**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણથી પાણીનો વેડફાટ

## ભર ચોમાસે ગટરકામના ખોદકામની કામગીરીથી વસાહતીઓમાં ભારે આક્રોશ : સે-૩૦ના જાગૃતિ પાર્કમાં પાણીનો અઢળક વ્યય યથાવત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં ભરચોમાસે ગટર ખોદકામનું કામ સતત ચાલી રહ્યું છે. જેમાં ગટર ખોદકામના સમયે પાણીની પાઈપલાઈન તૂટી જવાથી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ચોમાસાના દિવસોની શરૂઆત થઈ ચુકી છે ત્યારે ગાંધીનગરમાં આટલા મોટા ખાડાઓના દશ્યો જોવા મળી રહ્યા છે. આ દશ્યો શહેરના સેકટર-૩૦ના જાગૃતિ પાર્કના છે. રહીશોના જણાવ્યા મુજબ નવી ગટર પાઈપલાઈનના ખોદકામ દરમિયાન પાણીની લાઈનમાં ભંગાણ થયું છે. ચારેક દિવસથી ભંગાણ થયું હોવા છતાં રજૂઆતો કરવામાં આવતા કોઈ પગલાં લેવાયા નથી. રહીશોના મકાનોના પાયા સુધી તેની અશર પહોંચી છે. નાગરિકોની હાડમારી ઘટવાને બદલે વધતી રહી છે.



શહેરના જાહેર રસ્તા ઉપર ભૂગર્ભ ગટરનું કામકાજ કરવામાં આવી રહ્યું છે. જે ઘણા દિવસોથી ચાલુ છે. શહેરના ઘણા વિસ્તારોમાં ગંદુ પાણી આવતું હોવાની ફરિયાદો પણ ઉઠી હતી. આ સમસ્યા નિવારણ માટે હાલમાં શહેરમાં મોટાભાગના વિસ્તારોમાં ગટરોની પાઈપલાઈન તથા ગેસની પાઈપલાઈન માટે ખોદકામ કરી મુકવામાં આવ્યું છે. જેમાં કામ પતી ગયા બાદ પણ અધુરી કામગીરી થઈ હોવાના દશ્યો નજરે ચઢે છે. હવે ચોમાસાના દિવસો આવ્યા છે ત્યારે ખોદકામ કરાયેલી જગ્યાઓ પર વરસાદના પાણી ભરાવાની સમસ્યાઓ ઉભી થશે.

માર્ગોની આસપાસ થયેલા ગટરના કામકાજ શરૂ થતાની સાથે શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એક બાદ એક સેકટરોમાં વિવિધ જગ્યાએ પાઈપલાઈન તૂટવાથી પીવાના પાણીના વ્યયની સમસ્યાઓ બની રહી છે. આ વખતે ચોમાસા પહેલા જ અમુક વિસ્તારમાં પાણી ભરાયા હતા. જેમાં કાદવકીચડ થઈ ગયા હતા અને રહીશોને વાહનો પાર્ક કરવાની હાલાકી પડી હતી. આ દશ્યોમાં ગટર પાઈપલાઈન તૂટવાથી પાણીનો વેડફાટ તો થયો જ છે ઉપરાંત વાહનચાલકોને પણ હાલાકી થઈ રહી છે. અહીંયાથી પસાર થતા અજાણ્યા માણસો માટે આ ખાડાઓ ભયંકર બની શકે છે. સત્તાધીશો સત્વરે યોગ્ય કામગીરી કરાવે તેવી રહીશોની માંગણી છે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ અને તેની સહયોગી સ્વૈચ્છિક સંસ્થાએ આ અંગે તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું છે.

## જન્મદિને વધામણી



બળવંતરાય જે. શુક્લ
નિવૃત્ત આચાર્ય, સે.૨૮
મો. ૯૮૨૪૫ ૬૬૯૬૮



પુષ્પાબેન પરમાર
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



રશ્મિ મીતેષ મોદી



યશ પટેલ



હાર્દિક સંજયકુમાર શાહ
મો. ૯૨૨૨૪ ૦૦૧૩૧



આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ઓમકારેશ્વર મંદિર ખાતે સવારે ૬થી ૮ દરમિયાન પ્રોટોકોલ પ્રમાણે આશાબેન મહેતા તેમજ કીનારબેન રાણા દ્વારા આસન, પ્રાણાયામ તેમજ ધ્યાન કરાવવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ટોગ ટ્રેનર્સ, સે-૪ના વસાહતી, વોર્ડ નં.૮ના કોર્પોરેટર રાજેશભાઈ પટેલ તેમજ ભાજપના કાર્યકરો હાજર રહ્યા હતા. એન્કરીંગ ભારતીબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.



યોગ બોર્ડ ગાંધીનગરના સહયોગથી શ્રી એમ બી પટેલ સાર્વજનીક વિદ્યાલય વાવોલ ખાતે વોર્ડ નંબર-૭ ના કોર્પોરેટર શૈલેષભાઈ પટેલ સાથે યોગ દિવસની ઉજવણી કરી હતી. તેમાં વાવોલ ગામના મોટી ઉંમરના વડીલો તથા માતાઓ, બહેનો તેમજ સ્કૂલના વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓએ આનંદ ઉલ્લાસ સાથે ભાગ લીધો હતો.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પ્રવેશોત્સવમાં શાળાઓને પુસ્તકો-રમકડાંની ભેટ અપાઈ



ગાંધીનગર, તા.૨૩

સમગ્ર રાજયમાં ૨૩મી જૂનથી શાળા પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવ શરૂ થયો છે. આ ત્રિ-દિવસીય પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ ગાંધીનગરની ત્રણ સરકારી પ્રાથમિક શાળાઓમાં ઉપસ્થિત રહ્યા અને બાળકો તેમજ કન્યાઓનો શાળાપ્રવેશ કરાવ્યો. આ ઉપરાંત તેમણે શાળાઓમાં શિક્ષકો તેમજ વાલીઓ સાથે શાળાકીય પ્રવેશની પ્રક્રિયા તેમજ શિક્ષણને વધુ અસરકારક બનાવવા સંવાદ કર્યો.

ત્રિ-દિવસીય શાળા પ્રવેશોત્સવમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો સમગ્ર શૈક્ષણિક સ્ટાફ જોડાશે અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૩૦ શાળાઓમાં જઈને પુસ્તકો તેમજ રમકડાંની ભેટ આપશે. પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૨૧ અધ્યાપકો વિવિધ ૧૩ શાળાઓમાં ઉપસ્થિત રહ્યા અને શાળાઓને પુસ્તકો તેમજ રમકડાંની કીટ અર્પણ કરી. બાળકોને વધુ પ્રભાવશાળી પદ્ધતિથી કઈ રીતે શીખવી શકાય તે અંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના અધ્યાપકોએ શાળાના શિક્ષકો સાથે સંવાદ પણ કર્યો. બાળવાર્તા-સાહિત્યનાં પુસ્તકો બધાં બાળકો વાંચી શકે તેમજ રમકડાંથી બધાં બાળકો રમી શકે તે માટે તેને શાળાની લાઈબ્રેરીમાં બાળકો સહેલાઈથી મેળવી શકે તે રીતે રાખવા પણ સૂચન કરાયું હતું.

## મહિલાઓ માટે વિના મૂલ્યે તાલીમનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

મહિલા આઈ.ટી.આઈ. સેકટર ૧૫, ગાંધીનગર ખાતે મહિલાઓને કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ (કોપા), કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), ફેશન ડિઝાઈન ટેક્નોલોજી, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, સુઈંગ ટેક્નોલોજી અને એમ.એલ.ટી. (ટેક્નોલોજીસ્ટ) વગેરે એક વર્ષના કોર્સમાં વિનામૂલ્યે અદ્યતન તાલીમ આપવામાં આવે છે. આ કોર્સમાં તાલીમ મેળવ્યા બાદ મહિલાઓને રોજગારી, સ્વરોજગારી તેમજ એપ્રેન્ટીસશીપ કરવા માટે ઘણી જ તકો ઉપલબ્ધ થાય છે. આ તાલીમ મહિલાઓના જીવન ઘડતરમાં તેમજ તેઓને આર્થિક રીતે પગભર બનાવવામાં ખૂબ જ ઉપયોગી થશે.

મહિલા આઈ.ટી.આઈ. ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારને તદ્દન મફત તાલીમ આપવામાં આવે છે. આવક મર્યાદાને આધીન તેઓને સંસ્થાકીય/સમાજકલ્યાણ સ્ટાઈપેન્ડ, ‘‘વિદ્યા સાધના સહાય યોજના’’ હેઠળ મફત સાયકલ ભેટ, આવવા-જવા માટે એસ.ટી. બસ પાસ કન્સેશન, કોર્સમાં ઉત્તીર્ણ થનારને સ્વરોજગારી માટે સરકારી ધારા-ધોરણ મુજબ બેન્કેબલ લોન સબસીડી સહાય તથા પ્રાયોગિક તાલીમ માટે વિનામૂલ્યે રો-મટીરીયલ વગેરે સુવિધાઓ આપવામાં આવે છે.

આ તમામ કોર્ષમાં એડમિશનની ઓનલાઈન પ્રક્રિયા તા. ૨૬.૦૬.૨૦૨૨ સુધી ચાલુ છે આથી જરૂરિયાતમંદ બહેનો, યુવતીઓ, મહિલાઓ, વિધવા, ત્યક્તા, છૂટાછેડા પામેલ બહેનો આ યોજનાનો મહત્તમ લાભ મેળવે તે ઈચ્છનીય છે. આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવવા માંગતા કોઈ પણ મહિલા ઉમેદવારને **www.itiadmission.gujarat.gov.in** પર પ્રવેશફોર્મ ભરવામાં તથા રૂપિયા ૫૦/- રજિ. ફી ભરવામાં મુશ્કેલી કે માર્ગદર્શનની જરૂર જણાય તો મહિલા આઈ.ટી.આઈ. ગાંધીનગર ખાતે કાર્યરત હેલ્પ સેન્ટરનો તા. ૨૬.૦૬.૨૨ સુધી રજાના દિવસોમાં પણ રૂબરૂમાં અથવા મોબાઈલ નંબર ૯૪૨૭૫ ૨૬૯૪૮ પર સંપર્ક કરવા કરવા જણાવવામાં આવે છે.

## આર.એન. પટેલમાં યોગ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૩

આર.એન. પટેલ પ્રાયમરી શાળામાં વિશ્વ યોગ દિન નિમિત્તે સરકારના નિયત પરિરૂપ મુજબ શાળામાં યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોગાસનોમાં શ્રેષ્ઠ હોય તેવા બાળકોની આગેવાનીમાં અને વ્યાયામ શિક્ષકોની રાહબરીમાં શાળાના અન્ય વિદ્યાર્થીઓની સાથે સંપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે માનસિક સ્વાસ્થ્યના સમાયોજન હેતુને સિધ્ધ કરતા આ કાર્યક્રમમાં મહત્વની માહિતી રજૂ કરવામાં આવી હતી. વ્યાયામ શિક્ષક મનિષાબેન પટેલ અને બબીતાબેન ગુપ્તાએ ખુબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કાર્યક્રમને સફળતાપૂર્વક સંચાલિત કર્યો હતો. જેમાં પ્રાર્થના, હળવી એકસરસાઈઝ અને જુદા જુદા આસનોની રજૂઆત કરવામાં આવી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના પી.ટી. શિક્ષક દક્ષાબેન પટેલ તથા આશાબેન પ્રજાપતિએ વિદ્યાર્થીની બહેનોને પ્રાણાયામ તથા જુદા જુદા આસનોની સમજ આપી પ્રેકટીકલ જ્ઞાન પીરસ્યું હતું. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને યોગ દિવસની શુભેચ્છા પાઠવી હતી.



આઠમા આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં ‘માનવતા માટે યોગ’ના થીમ પર પ્રોટોકોલ પ્રમાણે આસનો, પ્રાણાયામ, ધ્યાન શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને યોગ કોચ આશાબેન મહેતા દ્વારા યોગના ફાયદા, મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૮ના તમામ વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં શિક્ષકો હાજર રહ્યા હતા. આચાર્ય એ પણ નિયમિત યોગ કરવા બાળકોને પ્રેર્યા હતા.

## આવતીકાલે શહેરમાં મનોદિવ્યાંગ બાળકોના વાલીઓ માટે ‘વિશેષ’ તાલીમ કાર્યક્રમ

### કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર ડો.કુલદીપ આર્ય, વડનગરથી સોમાભાઈ મોદી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે : જિલ્લાના ૨૫૦ જેટલાં મનોદિવ્યાંગ બાળકોના વાલીઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં કલ્યાણ માટે કાર્યરત જેડી પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા શહેરના મનોદિવ્યાંગ બાળકો માટેના ડે કેર સેન્ટર ‘વિશેષ એજ્યુકેશન સેન્ટર’, શહેરમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે કાર્યરત સંસ્થા ‘સાધના પેરેન્ટ્સ એસોસિએશન’ અને જિલ્લાના સમદષ્ટિ, ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડળ ‘સક્ષમ’ના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૫મી જુન, શનિવારના રોજ સવારે ૧૦થી બપોરના ૨ કલાક દરમ્યાન ‘કેપેસિટી બિલ્ડીંગ એન્ડ ટ્રેનિંગ પ્રોગ્રામ ફોર પેરેન્ટ્સ ઓફ પર્સન્સ વિથ ઈન્ટલેકચ્યુઅલ ડિસેબિલિટીઝ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી રોડ પરના શાહપુર બ્રિજ પાસેના ધ્રુવ પાર્ટી પ્લોટ ખાતે યોજાશે જેમાં ગાંધીનગર જિલ્લાના અંદાજે ૨૫૦ જેટલાં મનોદિવ્યાંગ બાળકોના વાલીઓ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિપદે ગાંધીનગર જિલ્લાના કલેકટર કુલદીપ આર્ય, અતિથિ વિશેષ પદે વડનગરના જાણીતા સામાજિક કાર્યકર સોમાભાઈ મોદી ઉપરાંત સરદાર સરોવર નિગમના નિયામક વસંતભાઈ રાવલ, ગુજરાત રાજ્ય વિકલાંગ નાણા અને વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટર આર. એન. કુચારા, નવી દિલ્હીના એનસીપીઓ પરિવારના પ્રમુખ એસ.એન.બીજૂર, ‘સક્ષમ’ના ગુજરાત પ્રાન્ત અધ્યક્ષ ગંગારામ પટેલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એસ. એચ. દેસાઈ પૂર્વ કોર્પોરેટર શંકરભાઈ ચૌધરી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના ચેરમેન અનુપ પરીખે જણાવ્યું હતું કે ‘ગાંધીનગરમાં સેક્ટર-૧ ખાતે કાર્યરત વિશેષ એજ્યુકેશન સેન્ટર એ વિશેષરૂપે મનોદિવ્યાંગ બાળકો માટેના ડે કેર સેન્ટર સ્વરૂપે ચલાવવામાં આવે છે, આજનો કાર્યક્રમ મનોદિવ્યાંગ બાળકોના વાલીઓને બાળકોને પદ્ધતિસરની તાલીમ આપીને બાળકોની મનો વૈચારિક ક્ષમતાનો વિકાસ કરવા અંગે જાગૃતિ લાવવાનો છે જેથી આ કાર્યક્રમમાં જોડાવા માટે ગાંધીનગર જિલ્લાના તમામ મનોદિવ્યાંગ બાળકોના વાલીઓને મારી ખાસ આગ્રહભરી જાહેર વિનંતી છે.’

## સેકટર-૩ એસ.એસ.વી. શાળાનું ગૌરવ



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જીલ્લા રમત ગમત કચેરી દ્વારા તાજેતરમાં બરોડા ખાતે રાજયકક્ષાની બેડમીન્ટનની સ્પાર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેક્ટર-૩ ગાંધીનગર ખાતે આવેલ એસ.એસ.વી શાળાની વિદ્યાર્થીની પટેલ આસ્થાએ અંડર-૧૭ માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આ વર્ષે એસ.એસ.વી શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભમાં રમાયેલ વિવિધ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ, જિલ્લાકક્ષા તેમજ રાજયકક્ષાએ અદભૂત દેખાવ કરી શાળા તેમજ ગાંધીનગર જિલ્લાનું નામ રોશન કરેલ છે. જેથી સમગ્ર જિલ્લામાંથી શાળાને **“Best School in Sports”**નો ખિતાબ મળ્યો છે અને જિલ્લામાંથી શાળાને એસ.એસ.વી શાળાને તૃતિય સ્થાન મળ્યું છે.સરકાર દ્વારા એસ.એસ.વી શાળાને ૧૦,૦૦૦ રૂપીયાનું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

## એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. સ્કૂલ ફેકલ્ટીઝ દ્વારા શાળાના વિઝન-મિશન, અભ્યાસક્રમ, શાળાની પ્રણાલીઓ, શૈક્ષણિક પદ્ધતિઓ, સ્કૂલ એપ્લિકેશન અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવા માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શ્રેષ્ઠ કામગીરી કરી ગૌરવપૂર્ણ ભવિષ્ય માટે મજબૂત પાયો બનાવવા જે પ્રયાસ કરી રહ્યા છે તે વિશે માહિતી આપવામાં આવી હતી. ફેકલ્ટીઝ દ્વારા નિયમિતપણે આપવામાં આવતા લર્નિંગ કોન્સેપ્ટ, ટેસ્ટ અને તેમાં તેની ભૂમિકાઓ તથા તેમાં વાલીઓને યોગદાન કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને ભણાવવામાં આવતા દરેક વિષયો વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઓરીએન્ટેશન કાર્યક્રમમાં શિક્ષકો, બાળકો તથા વાલીઓએ ખૂબ જ સારો સહકાર આપ્યો હતો અને આ કાર્યક્રમ ખૂબ સારી રીતે પૂર્ણ થયો હતો.

## ડૉ. શ્યામા પ્રસાદ મુખરજીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી

ગાંધીનગર, તા.૨૩

ભારતીય જનસંઘના સ્થાપક, મજબૂત રાષ્ટ્રવાદી અને મહાન શિક્ષણ શાસ્ત્રી, ડૉ શ્યામા પ્રસાદ મુખરજી ને તેમની પુણ્યતિથિ પર સેક્ટર-૧૪ ગુપ્તા સ્પોર્ટ્સ કૉમ્પ્લેકેસ:, ડૉ બાબા સાહેબ આંબેડકર ગાર્ડન સામે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં મહેન્દ્રભાઈ ચૌહાણ અને કાંતિભાઈ પટેલે (એડવોકેટ) પ્રવચન આપ્યું હતું અને ભારત માતા કી જય ના નારા નો જય ઘોષ પ્રવીણભાઈ, નીમેષ ચૌહાણ અને કનુભાઈ નાયી દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પક્ષીઓને જુવાર ખવડાવી હતી. આ કાર્યક્રમનું આયોજન મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમમાં અંતમાં કાંતિભાઈ પટેલ એડવોકેટ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટયુટ દ્વારા યોગ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૩

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટયુટ ના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોએ ‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ માં હર્ષપૂર્વક ભાગ લઈ ‘યોગ દિવસ’ને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં સ્વાસ્થ્ય માટે જરૂરી એવા વિવિધ યોગનું પ્રદર્શન કરાવવામાં આવ્યું હતુ. ‘યોગા ડે’માં આશરે ૭૮ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોએ હર્ષપૂર્વક ભાગ લીધો હતો.

## એસ. વી. શાળામાં ‘ઈન્ટરનેશનલ યોગ ડે’ની ઉજવણી



ગાંધીનગર, તા.૨૩

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં ૨૧ જૂનના રોજ ‘ઈન્ટરનેશનલ યોગ ડે’ ઉજવવામાં આવ્યો હતો, જેમાં શાળાના નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી. ના બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. શિક્ષિકાઓએ બાળકોને જીવનમાં યોગનું અને કસરતનું મહત્વ સમજાવી, કિડ્સ યોગા કરાવ્યા હતા. તેઓએ બાળકોને વિવિધ આસનો અને આખા શરીરની કસરતો કરાવી હતી, બાળકોએ ‘કરો યોગ, રહો નિરોગ’ ના નારા લગાવી, સમગ્ર વાતાવરણને યોગમય બનાવી દીધું હતું. સમગ્ર શાળા પરિવાર પણ આ કાર્યક્રમમાં ઉત્સાહથી જોડાયો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પ્રજાપતિ જેરૂપભાઈ કાળુભાઈ, ઉ.વ. ૭૭, રાંધેજા
- સ્વ. તિવારી સૌરભભાઈ રમાકાન્ત, ઉ.વ. ૨૩, સેકટર-૨૬